### સંતરામપુરના સાંઢપાડીયાના સરપંચનો આદિવાસી હોવાનો દાવો પોકળ, ફોજદારી ગુનો નોંધવા હુકમ

# સંતરામપુરમાં બોગસ આદિવાસી પ્રમાણપત્રોનું કૌભાંડ ખુલ્લું પડ્યું

**રાજકીય વગનો** ઉપયોગ કરી એક જ વ્યક્તિએ એસટી અને ઓબીસીના બે અલગ દાખલા મેળવ્યા

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૮

સંતરામપુરના સાંઢપાડીયા ગ્રામ પંચાયતના સરપંચનો આદિવાસી હોવાનો દાખલો બોગસ હોવાનું પુરવાર થયું છે. વડોદરાની સંયુક્ત કમિશનર વિભાગીય વિશ્લેષણ સમિતિએ ગત ૧૬મી જુલાઈ, ૨૦૨૬ના રોજ આ બોગસ સર્ટિફિકેટ રદ કરી, મેળવનાર સામે ફોજદારી ગુનો નોંધવાનો કડક આદેશ કરતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે.

સંતરામપુર તાલુકાના સાંઢપાડીયા ગામના સરપંચ પાદરીયા કૃણાલ કુમાર કોયાભાઈ દ્વારા રાજકીય વગનો ઉપયોગ કરી એકસાથે બે અલગ-અલગ જાતિના (એસટી અને ઓબીસી) દાખલા મેળવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તેઓ બક્ષીપંચના દાખલાના આધારે સરપંચ પદ ભોગવી રહ્યા હતા અને બીજી તરફ આદિવાસી હોવાનો પણ ખોટો દાખલો ધરાવતા હતા.

આ મામલે સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ (અરવલ્લી અને ગાંધીનગર), આદિવાસી વિકાસ ટ્રસ્ટ (ગોધરા) તથા એક્ટિવિસ્ટ ખાંટ સોમાભાઈ અને અરુણકુમાર ચૌધરીએ મજબૂત પુરાવાઓ સાથે વડોદરા ખાતે ફરિયાદ કરી હતી. સમિતિની તપાસ દરમિયાન ઉમેદવાર જાતિના પુરાવાઓ રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હતા, જ્યારે સામા પક્ષે રજૂ કરાયેલા શાળા છોડ્યાના પ્રમાણપત્રો અને જમીનના રેકોર્ડના આધારે તેમનો દાવો ખોટો સાબિત થયો હતો.

#### કૌભાંડના તાર વધુ ઊંડા હોવાની આશંકા

સૂત્રોના જણાવ્યા અનુસાર, માત્ર સરપંચ જ નહીં પરંતુ સંતરામપુર અને કડાણા તાલુકામાં અનેક બિન-આદિવાસીઓ ખોટા પ્રમાણપત્રો મેળવીને સરકારી નોકરીઓ અને રાજકીય હોદ્દાઓ પર કબજો જમાવી બેઠા છે. ઉલ્લેખનીય છે કે, ગોઠીબડા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં વિજેતા બનેલા ઉમેદવાર પાસે પણ ST અને OBC ના બે દાખલા હોવાની રજૂઆત ઉચ્ચ સ્તરે થયેલી છે. સમિતિના આ કડક હુકમ બાદ હવે અન્ય બોગસ દાખલા ધારકોની પણ ખરાઈ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ તેજ બની છે. આ કિસ્સો સામે આવતા જ સાચા આદિવાસી સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં આ મામલે મોટા સ્તરે તપાસનો ધમધમાટ શરૂ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

ઉલ્લેખનીય છેકે, મહિસાગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી જાતિના બોગસ દાખલાને લઈ વિવાદ ચાલી રહ્યો છે. આ અંગે સ્પેશ્યલ ટીમ બનાવી તપાસ કરવા માગ ઉઠી છે.

### મહિલાને બેંક કર્મચારીએ કોર્ટ સંકુલમાંથી જ ઝડપી લીધા

# નડિયાદ કોર્ટમાં હાજર મહિલા વોન્ટેડ હોવાનું ખુલતા ધરપકડ

**કેડીસીસી બેંકના લોન** ડિફોલ્ટર અને ચેક રિટર્ન કેસમાં મહિલા જેલના સળિયા પાછળ ધકેલાઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક (કે.ડી.સી.સી. બેંક) દ્વારા લોન ડિફોલ્ટરો સામે કડક કાનૂની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીના ભાગરૂપે, ચેક રિટર્ન કેસમાં સજા પામેલા એક મહિલા આરોપીને નામદાર કોર્ટના આદેશથી કસ્ટડીમાં લઈ બિલોદરા જેલ હવાલે કરવામાં આવ્યા છે.

કણજરીના રહેવાસી હંસાબેન વિનુભાઈ પટેલે બેંકની બોરીયાવી શાખામાંથી 'મેઘા ગૃહ ઉદ્યોગ' ના નામે વ્હીકલ લોન મેળવી હતી. લોન ભરપાઈ ન કરતા બેંક દ્વારા તેમની સામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આણંદની કોર્ટે વર્ષ ૨૦૧૯માં આરોપીને ૨ વર્ષની કેદની સજા ફટકારી હતી. બાદમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટે સજામાં ફેરફાર કરી ૯ લાખનો દંડ અથવા ૬ માસની કેદનો હુકમ કર્યો હતો.

આ હુકમ વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગી હતી, પરંતુ રકમ ભરવાની ખાતરી આપ્યા બાદ પણ હાજર ન રહેતા હાઈકોર્ટે ૨૦૨૨માં તેમની અપીલ રદ (ડિસ્મિસ) કરી દીધી હતી. હાઈકોર્ટના આદેશ છતાં આરોપી સરેન્ડર થયા ન હતા. તાજેતરમાં, અન્ય એક કેસના કામે કોર્ટમાં હાજર રહેલા બેંક કર્મચારીઓની નજરે આ આરોપી ચડી જતાં, બેંકે તુરંત જ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. આથી, કોર્ટે આ બાબતને ગંભીરતાથી લઈ આરોપીને તાત્કાલિક કસ્ટડીમાં લેવા આદેશ કર્યો હતો. આ અંગે બેંક સત્તાધીશોએ જણાવ્યું હતું કે, ડિફોલ્ટર સામે ભવિષ્યમાં પણ આવી જ કાનૂની કાર્યવાહી ચાલુ રહેશે.

# સંતરામપુરમાં ડ્રેનેજ કામને પગલે માર્ગ 'વન-વે' કરાયો

**ગોધરા** ભાગોળ ચોકડીથી કારગીલ પેટ્રોલ પંપ સુધીનો ટ્રાફિક ડાયવર્ઝન

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૮

મહીસાગર જિલ્લાના સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી નિકાલ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સંતરામપુરના ગોધરા ભાગોળ ચોકડીથી કારગીલ પેટ્રોલ પંપ સુધીના મુખ્ય માર્ગ પર સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી પ્રગતિમાં હોવાથી, ટ્રાફિક જામ અને અકસ્માત નિવારવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.વી. લટા દ્વારા ખાસ જાહેરનામું બહાર પાડી આ વિસ્તારને 'વન-વે' જાહેર કરાયો છે.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) હેઠળ મળેલી સત્તાની રૂએ, સંતરામપુર નગરમાં ગોધરા ભાગોળ ચોકડી (સરદાર પટેલ સર્કલ) થી આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (બાયપાસ રોડ) સુધીના રસ્તાને અસ્થાયી ધોરણે વન-વે બનાવવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા તાત્કાલિક અસરથી અમલમાં આવશે અને આગામી ૩૦ જુલાઈ ૨૦૨૬ સુધી કાર્યરત રહેશે. મુખ્ય માર્ગ પર જેસીબી અને ભારે મશીનરી વડે ખોદકામ ચાલી રહ્યું હોવાથી, સામેથી આવતા વાહનો માટે સંતરામપુરથી ઝાલોદ બાયપાસ રોડનો વૈકલ્પિક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનારા સામે ફોજદારી કાર્યવાહી કરાશે.

### કપડવંજમાં સોથી વધુ પરિવારોમાં પાણી અને સફાઈ મુદ્દે પ્રચંડ રોષ

# કપડવંજ શહેરના 'સમજોતા નગર'માં પીવાના પાણીની ગંભીર અછત સર્જાઇ

**મહિલાઓ અને વૃદ્ધોને** પાણી માટે ભટકવું પડે છે, તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોનો આક્રોશ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૮

કપડવંજ શહેરના વોર્ડ નંબર-૧ માં આવેલું સમજોતા નગર અત્યારે અનેક સમસ્યાઓનો અડ્ડો બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. અહીં ૧૦૦થી વધુ મકાનોમાં વસવાટ કરતા પરિવારો છેલ્લા લાંબા સમયથી પીવાના શુદ્ધ પાણીની અને નિયમિત સાફ-સફાઈની ગંભીર સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે. સરકાર અને પાલિકા તંત્ર દ્વારા વિકાસના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ સમજોતા નગરની વાસ્તવિકતા કંઈક અલગ જ છે. અહીંના રહીશોના જણાવ્યા મુજબ, પીવાનું પાણી નિયમિત ન મળવાને કારણે રોજિંદુ જીવન મુશ્કેલ બની ગયું છે.

આ અંગે સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે આ સમસ્યા અંગે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, જવાબદાર તંત્ર કે ચૂંટાયેલા કાઉન્સિલરો દ્વારા આ અંગે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પાણીની શોધમાં મહિલાઓ અને વડીલોને આમ-તેમ ભટકવું પડે છે, જેની સીધી અસર બાળકોના અભ્યાસ અને દૈનિક જીવન પર પણ પડી રહી છે.

કપડવંજમાં પીવાના પાણીની સમસ્યાની સાથે સાથે વિસ્તારમાં ગંદકી અને સાફ-સફાઈના અભાવે રહીશોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે જો વિસ્તારમાં સફાઈ નહીં કરવામાં આવે તો ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે.

#### 'સમજોતા નગર'ની મુખ્ય સમસ્યાઓ

- **૧૦૦+ પરિવારો પ્રભાવિત:** પાણીની અનિયમિતતાથી રોજિંદા જીવન પર માઠી અસર.
- **ભટકતી મહિલાઓ:** પાણી મેળવવા માટે મહિલાઓ અને વડીલોને દર-દર ભટકવું પડે છે.
- **તંત્રની ઉપેક્ષા:** અનેક રજૂઆતો છતાં કાઉન્સિલરો અને તંત્ર દ્વારા ઉદાસીન વલણ.
- **રોગચાળાની ભીતિ:** ગંદકી અને ચોમાસાના પાણીના ભરાવાને કારણે સ્થાનિકોમાં ડર.

### ખેડા જિલ્લામાં રક્તરંજિત માર્ગ અકસ્માતોની વણઝાર

# માતર પાસે બસની ટક્કરે રિક્ષા સવાર વૃદ્ધનું મોત

**જિલ્લામાં ૨૪ કલાકમાં** માતર, મહુધા અને ઠાસરામાં અકસ્માત સર્જાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૮

માતર, મહુધા અને ઠાસરા તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં સર્જાયેલા ત્રણ અલગ-અલગ ગમખ્વાર માર્ગ અકસ્માતોમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે.

માતરના રતનપુર પાસે લજીજ હોટલ નજીક એસટી બસના ચાલકે સીએનજી રિક્ષાને અડફેટે લેતા રિક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ૭૪ વર્ષીય વૃદ્ધ કનુભાઈ ભઈજીભાઈનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું, જ્યારે એક અન્ય યુવાન ઈજાગ્રસ્ત થયો હતો.

મહુધાના અલીણા ગામ પાસે રોડની સાઈડમાં ચાલીને જતા ૨૯ વર્ષીય સાદતઅલી પીરૂમીયા સૈયદને એક સફેદ અલ્ટો કારે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. યુવાનને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઉપરાંત ડાકોર-સેવાલીયા રોડ પર રોડ ક્રોસ કરી રહેલા ૩૬ વર્ષીય મજૂર મહેશભાઈ મંગળભાઈ પરમાર પર પૂરપાટ ઝડપે આવતી હાઈવા ટ્રકનું પાછળનું ટાયર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ત્રણેય બનાવોમાં પોલીસે વાહન ચાલકો વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના વહેરાખાડીમાં આંગણવાડી કેન્દ્રનું જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે લોકાર્પણ કરાયું



**આણંદ |** આણંદના વહેરાખાડી ગામમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત તૈયાર થયેલ નવી આંગણવાડીનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત પ્રમુખ મયુરીબેન પટેલના વરદ હસ્તે રિબન કાપીને આ કેન્દ્રને વિધિવત રીતે ખુલ્લું મુકાયું હતું. આ નવનિર્મિત આંગણવાડી કેન્દ્ર સોલંકી વગો વિસ્તારમાં GSPC (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન) ના સહયોગથી તૈયાર કરાયું છે. ICDS ઘટક આણંદ-૪ હેઠળ કાર્યરત આ આધુનિક કેન્દ્ર ગ્રામીણ બાળકોના પોષણ અને શિક્ષણના સ્તરને સુધારવામાં મદદરૂપ થશે.

### આંકલાવના કેશવપુરામાં ધારાસભ્યના હસ્તે નવીન આંગણવાડીનું લોકાર્પણ કરાયું



**આંકલાવ |** આંકલાવ તાલુકાના કેશવપુરા વિસ્તારમાં ગ્રામીણ બાળકોના સર્વાંગી વિકાસ અને શિક્ષણ માટે નવીન આંગણવાડી કેન્દ્ર તૈયાર કરવામાં આવ્યું છે. આ નવનિર્મિત આંગણવાડીનું વિધિવત લોકાર્પણ વિસ્તારના ધારાસભ્ય અમિતભાઈ ચાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સુવિધા ઉપલબ્ધ થતા હવે સ્થાનિક વિસ્તારના ભૂલકાઓને આધુનિક માળખાગત સુવિધાઓ સાથે પાયાનું શિક્ષણ અને પોષણ મળી રહેશે. ધારાસભ્યે આંગણવાડીની મુલાકાત લઈ ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 97784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભુવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદની સંતરામ ઇંગ્લિશ મીડિયમ સ્કુલમાં રથયાત્રા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



**નડિયાદ |** સંતરામ કેળવણી મંડળ સંચાલિત શાળામાં અષાઢી બીજ નિમિત્તે હિન્દુ સંસ્કૃતિની પરંપરા મુજબ રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોમાં નાનપણથી જ ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય તેવા ઉમદા હેતુ સાથે યોજાયેલ આ મહોત્સવમાં આચાર્ય, શિક્ષકો અને ભૂલકાઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ પ્રસંગે મંડળના પ્રમુખ મહંત શ્રી રામદાસજી મહારાજ તથા મંત્રી શ્રી નિર્ગુણદાસજી મહારાજે દિવ્ય અખંડ જ્યોતના આશિષ પાઠવ્યા હતા. શાળામાં દર મહિને આવતા હિન્દુ તહેવારોની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિથી અવગત કરાવવામાં આવે છે.

### નડિયાદના સંતરામ તપોવન વિદ્યાપીઠમાં ભક્તિભાવપૂર્વક રથયાત્રાની ઉજવણી કરાઇ



**નડિયાદ |** નડિયાદના સંતરામ તપોવન વિદ્યાપીઠમાં પૂજ્ય મહંત રામદાસજી મહારાજના આશીર્વાદથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા ઉત્સાહભેર યોજાઈ હતી. આ કાર્યક્રમની શરૂઆત ભગવાનના પૂજન-આરતીથી થઈ હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા ભજન-કીર્તન સાથે ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ 'જય જગન્નાથ'ના નાદ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમગ્ર વિદ્યાપીઠના વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ સૂત્રોચ્ચારો દ્વારા ભારતીય સંસ્કૃતિ, એકતા અને સદાચારનો સુંદર સંદેશ પ્રસારિત કર્યો હતો.

### વડતાલ ધામ નિજ મંદિરમાં રથયાત્રા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**નડિયાદ |** વડતાલ ધામ નિજ મંદિરમાં ઠાકોરજીને સોના-ચાંદીના રથમાં બિરાજમાન કરી પૂજન અને આરતી સાથે રથયાત્રા ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામીએ મહિમા સમજાવ્યો હતો. વિદ્યાનગરના સોની પરિવારના યજમાનપદે યોજાયો હતો. મુખ્ય કોઠારી દેવપ્રકાશ દાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ગુણસાગર સ્વામી તથા હીરા ભગતે સમગ્ર રથયાત્રા ઉત્સવનું સફળ સંચાલન કર્યું હતું.

### નડિયાદમાં સંત આન્નાના પરિવાર દ્વારા ૨૦ જરૂરિયાતમંદ પરિવારોને તાડપત્રી સહાય કરાઇ



**નડિયાદ |** નડિયાદના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસતા ગરીબ પરિવારોને ચોમાસામાં રક્ષણ મળે તે હેતુથી સંત આન્ના પરિવાર દ્વારા તાડપત્રી વિતરણ કરાયું હતું. આ સેવા કાર્ય હેઠળ ૨૦ પરિવારોને પ્લાસ્ટિકની તાડપત્રીઓ આપી તેમના રહેઠાણ અને ઘરવખરીને વરસાદથી સુરક્ષિત રાખવાનો પ્રયાસ થયો છે. સંસ્થાના સભ્યોએ રૂબરૂ મુલાકાત લઈને લાભાર્થીઓની અન્ય જરૂરિયાતો જાણી હતી, જેને સ્થાનિક લોકોએ ખૂબ જ આવકારી હતી. સમાજના વંચિત અને ગરીબ વર્ગના લોકોની સતત સેવા કરવા માટે સંત આન્ના પરિવારે આ પ્રસંગે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### ખંભોળજ પોલીસની 'શી ટીમ' દ્વારા મહિલા સુરક્ષા અને જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો



**આણંદ |** ખંભોળજ પોલીસની 'શી ટીમ' દ્વારા મહિલાઓ અને વિદ્યાર્થીનીઓને સુરક્ષાના વિવિધ કાયદાકીય મુદ્દાઓ અને સાયબર ક્રાઇમ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ અને ઓનલાઇન છેતરપિંડીથી બચવા માટેની ટેકનિકલ જાણકારી આપી મહિલાઓમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો હતો. આ કાર્યક્રમમાં છેડતી કરનારા તત્વો સામે પોલીસની કડક કાર્યવાહી અને એન્ટી-રોમિયો સ્ક્વોડની કામગીરી જણાવીને દીકરીઓમાં આત્મવિશ્વાસ વધારવામાં આવ્યો હતો. ઇમરજન્સી સમયે મહિલા હેલ્પલાઇન ૧૮૧ (અભયમ) અને ૧૧૨ નંબરનો ઉપયોગ અંગે ખાસ સમજૂતી અપાઈ હતી.

### વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં 'બેગલેસ જોયફુલ સેટરડે' અંતર્ગત પુસ્તક પ્રદર્શન યોજાયું

**કપડવંજ |** વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત વિદ્યાર્થીઓમાં વાંચન રુચિ વધારવા માટે 'આનંદદાયી શનિવાર' નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિજ્ઞાન, પર્યાવરણ, મહાનુભાવોના જીવનચરિત્રો અને બાળવાર્તાઓ જેવા વિવિધ વિષયોના પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, જેનું વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક અવલોકન અને વાંચન કર્યું હતું. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને નિયમિત વાંચનનું મહત્વ સમજાવી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



### કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં વર્ગ પ્રતિનિધિ માટે 'મોક ઇલેક્શન' યોજાયું




**કપડવંજ |** કપડવંજ સ્થિત જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને લોકશાહી મૂલ્યો વિકસે તે હેતુથી વર્ગ પ્રતિનિધિની ચૂંટણીનું આયોજન કરાયું હતું. આ પ્રક્રિયામાં ઉમેદવારી પત્ર ભરવાથી લઈ પ્રચાર, ગુપ્ત મતદાન અને મતગણતરી સુધીના તમામ તબક્કા ભારતીય ચૂંટણી પદ્ધતિ મુજબ યોજાયા હતા. વિદ્યાર્થીઓએ મતાધિકારનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરી પારદર્શક ચૂંટણી પ્રક્રિયા અને સારા નેતૃત્વના ગુણો વિશે પ્રાયોગિક સમજ મેળવી હતી. સંસ્થાના ડિરેક્ટર સિદ્ધાર્થ પટેલ અને આચાર્યશ્રીએ આ પ્રવૃત્તિને બિરદાવી વિદ્યાર્થીઓને જાગૃત નાગરિક બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### કપડવંજમાં મહિલાઓ માટે નાણાકીય સાક્ષરતા અને સાયબર સુરક્ષા વર્કશોપ યોજાયો




**કપડવંજ |** કપડવંજ ટાઉન પોલીસ અને ક્રેડિટ એક્સેસ ગ્રામીણ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે 'ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ' અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસ અને સાયબર ક્રાઇમ વિભાગના અધિકારીઓએ મહિલાઓને ડિજિટલ છેતરપિંડીથી બચવા અને નાણાકીય વ્યવહારોમાં સાવચેતી રાખવા અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વર્કશોપમાં ઉપસ્થિત ૨૦૦થી વધુ મહિલાઓને બચતનું મહત્વ, લોનનું યોગ્ય વ્યવસ્થાપન અને સુરક્ષિત ડિજિટલ પેમેન્ટ જેવી પાયાની નાણાકીય બાબતો સમજાવવામાં આવી હતી.

### આણંદ આર્ટ્સ કોલેજમાં 'શી ટીમ' દ્વારા મહિલા સુરક્ષા અને સ્વરક્ષણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** આર્ટ્સ કોલેજમાં મહિલા પોલીસ સ્ટેશનની 'શી ટીમ' દ્વારા વિદ્યાર્થિનીઓ માટે મહિલા સુરક્ષા, જાગૃતિ અને સ્વરક્ષણના માર્ગદર્શન અંગે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા પોલીસ અધિકારીઓએ વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણના સરળ ઉપાયો, મહિલા અધિકારો, વિવિધ કાયદાઓ અને મહિલા હેલ્પલાઇન વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. વિદ્યાર્થિનીઓને નિર્ભય બની અન્યાય સામે અવાજ ઉઠાવવા પ્રોત્સાહિત કરવામાં આવી હતી.